Tel. No. 02640-220648
Fax No . 02640-222171
E-mail id :- chitnis-nar@gujarat.gov.in

ક્રમાંક: એ.ડી.એમ./વશી/ 3043થી 3067 /૧૬
કલેક્ટર કચેરી, નર્મદા
તારીખ :-૦૭-૦૫-૨૦૧૬

**વંચાણે લીધું :-**

૧. ધી ગુજરાત (રાઇટ ઓફ સીટીઝન્સ ટુ પબ્લીક સર્વિસીસ) અધિનિયમ -૨૦૧૩
૨. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) નિયમો-૨૦૧૪
૩. મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક-અટવ/૨૦૧૫/૧૯૪/એટીવીટી સેલ તા.૨૪/૦૪/૨૦૧૬

**હુકમ :-**

ઠરાવેલી સમયમર્યાદામાં જાહેર સેવાઓ પુરી પાડવાની દરેક જાહેર સત્તા મંડળની જવાબદારી નકકી કરવા અને તેનું પાલન ન કરવામાં આવે તો તેવા સંજોગામાં નાગરિકો માટે ફરિયાદ નિવારણ તંત્ર પુરૂ પાડવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેની આનુસાંગિક બાબતો માટેની જોગવાઇ ગુજરાત જાહેર સેવાઓ અંગેનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ અને ગુજરાત જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર નિયમો-૨૦૧૪ માં કરવામાં આવેલી છે.

ઉકત અધિનિયમની કલમ-૪ હેઠળ મહેસુલ વિભાગ દવારા નીચે મુજબના જાહેરનામા દવારા તેમાં જણાવેલી સેવાઓ અને તેને પુરી પાડવા માટેની સમય મર્યાદા જાહેર કરવામાં આવેલી છે.

| અ.નં | જાહેરનામા ક્રમાંક | જાહેર કરવામાં આવેલી સેવાનું નામ | સેવા પુરી પાડવા માટેની સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | GHM/2016/103/PRC/1015/718/Z, Date:29/03/2016 અને સુધારા જાહેરનામું GHM/2016/103/PRC/1015/718/Z, Date:31/03/2016 | ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર | ૩૦ દિવસ |
| ૨ | | નાના અને સિમાંત ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર | ૪૫ દિવસ |
| ૩ | GHM/2016/104/PRC/1016/272/L-1 Date:30/03/2016 | ગામ નામુના નં.૭ ની નકલ | ૭ દિવસ |
| ૪ | | ગામ નમુના નં.૮ ની નકલ | ૭ દિવસ |
| ૫ | | હકકપત્રક ફેરફાર નોંધ ગામ નમુના નં.૬ ની નકલ | ૪૫ દિવસ |
| ૬ | GHM/2016/105/BKP/102015/183/K Date:31/03/2016 | સોલવન્સી સર્ટીફીકેટ (દારપણાનો દાખલો) | ૧૦ દિવસ |

ઉપરોકત સેવાઓની અમલવારી અર્થે મહેસુલ વિભાગની સ્થાયી સુચના અને વખતો વખતની સૂચનાઓ દયાને લઇને મહેસૂલ વિભાગ હેઠળના તમામ ખાતાના વડાશ્રીઓ, તમામ કલેકટરશ્રીઓ અને તાબાની તમામ અન્ય કચેરીઓને કલમ-૫, કલમ-૬(૧( ), કલમ-૯(૨) મુજબ તેઓની કચેરી અને

તેઓના તાબાની કચેરીઓ હેઠળ જે કચેરીઓ ખાતેથી ઉપરોકત સેવાઓ આપવામાં આવતી હોય તે કચેરીઓ માટે સંબંધિત સેવાઓ માટે મુકરર અધિકારીઓ (Designated officer) ,ફરિયાદ નિવારણ અધિકારીઓ (Grievance Redressal officer ) અને મુકરર સત્તા અધિકારી (Designated authority) એટલે કે પ્રથમ એપેલેટ ઓથોરીટી ની નિમણુક કરવાની થાય છે.

જેથી નર્મદા જિલ્લા માટે નાંદોદ,દેડીયાપાડા,સાગબારા,તિલકવાડા,ગરૂડેશ્વર તાલુકાઓમાં મહેસુલ વિભાગ દવારા જાહેર કરવામાં આવેલ સેવાઓ અને તેને પુરી પાડવા માટેની સમય મર્યાદા માટે નીચે મુજબના મુકરર અધિકારીઓ (Designated officer) ,ફરિયાદ નિવારણ અધિકારીઓ (Grievance Redressal officer ) અને મુકરર સત્તા અધિકારી (Designated authority) ની નિમણુક કરવા આથી હુકમ કરવામાં આવે છે.

| અ.નં. | જાહેર કરવામાં આવેલી સેવાનું નામ | સેવા પુરી પાડવા માટેની સમય મર્યાદા | મુકરર અધિકારીઓ (Designated officer) | ફરિયાદ નિવારણ અધિકારીઓ (Grievance Redressal officer ) | મુકરર સત્તા અધિકારી (Designated authority) |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર | ૩૦ દિવસ | સંબંધિત તાલુકા મામલતદારશ્રી | સંબંધિત પ્રાંત અધિકારશ્રી | કલેકટરશ્રી |
| ૨ | નાના અને સિમાંત ખેડુત ખાતેદારનું પ્રમાણપત્ર | ૪૫ દિવસ | સંબંધિત તાલુકા મામલતદારશ્રી | સંબંધિત પ્રાંત અધિકારશ્રી | કલેકટરશ્રી |
| ૩ | ગામ નામુના નં.૭ ની નકલ | ૭ દિવસ | નાયબ મામલતદારશ્રી, ઇ-ધરા સંબંધિત મામલતદાર કચેરી | સંબંધિત તાલુકા મામલતદારશ્રી | પ્રાંત અધિકારશ્રી |
| ૪ | ગામ નમુના નં.૮ ની નકલ | ૭ દિવસ | નાયબ મામલતદારશ્રી, ઇ-ધરા સંબંધિત મામલતદાર કચેરી | સંબંધિત તાલુકા મામલતદારશ્રી | પ્રાંત અધિકારશ્રી |
| ૫ | હકકપત્રક ફેરફાર નોંધ ગામ નમુના નં.૬ ની નકલ | ૪૫ દિવસ | નાયબ મામલતદારશ્રી, ઇ-ધરા સંબંધિત મામલતદાર કચેરી | સંબંધિત તાલુકા મામલતદારશ્રી | પ્રાંત અધિકારશ્રી |
| ૬ | સોલવન્સી સર્ટીફીકેટ (દારપણાનો દાખલો) | ૧૦ દિવસ | સંબંધિત તાલુકા મામલતદારશ્રી | સંબંધિત પ્રાંત અધિકારશ્રી | કલેકટરશ્રી |

દરેક મામલતદાર કચેરી,પ્રાંત કચેરી એ ગુજરાત જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર નિયમો-૨૦૧૪ ના નિયમ-૪ અંતર્ગત નમૂના- ક મુજબ આ અધિનિયમ હેઠળ જાહેર કરવામાં આવેલ સેવાઓની યાદી ,દસ્તાવેજોની યાદી ,સેવા પુરી પાડનાર અધિકારીનું નામ,સેવા પુરી પાડવા માટેની સમય મર્યાદા,ફરિયાદ નિવારણ અધિકારીનું નામ,સરનામું,અરજીના નિરાકરણની સમય મર્યાદા,તથા મુકરર સત્તા અધિકારી એટલે મુકરર સત્તા અધિકારી (Designated authority) એટલે કે પ્રથમ એપેલેટ ઓથોરીટીનું નામ/સરનામું અને તેમના દવારા અપીલના નિકાલની સમય મર્યાદા ઇ-મેઇલ આઇ.ડી,સંપર્ક નંબર સહિતની માહિતી નોટીસ બોર્ડ પર મુકવાની રહેશે.

**કલેક્ટર, નર્મદા**
**રાજપીપલા**

**પ્રતિ,**
પ્રાંત અધિકારીશ્રી,રાજપીપલા
પ્રાંત અધિકારીશ્રી,દેડીયાપાડા
મામલતદારશ્રી,નાંદોદ,દેડીયાપાડા,સાગબારા,તિલકવાડા,ગરૂડેશ્વર તરફ
નાયબ મામલતદારશ્રી,ઇ-ધરા,મામલતદારશ્રી,નાંદોદ,દેડીયાપાડા,સાગબારા,તિલકવાડા,ગરૂડેશ્વર

નકલ સવિનય રવાના:-મહેસુલ તપાસણી કમિશ્નરશ્રી,સચિવાલય,ગાંધીનગર

નકલ જયભારત રવાના:-
ખાસ ફરજ પરના અધિકારીશ્રી,મહેસુલ વિભાગ,એટીવીટી સેલ,ગાંધીનગર તરફ જાણ સારૂ